"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

તા: ૦૨/૦૧/૨૦૧૮

રેફ નં.

સુરત

તંત્રી શ્રી, ______________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## અનાવિલ સમાજના બ્રેનડેડ જ્યોતીન્દ્રભાઈ ઉર્ફે બાબુભાઈ નાનુભાઈ વશીના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતા મહેકાવી સમાજને નવી દિશા બતાવી.

નામ: જ્યોતીન્દ્રભાઈ ઉર્ફે બાબુભાઈ નાનુભાઈ વશી ઉ. વ. ૬૬ બ્લડ ગ્રુપ: A+ve

વ્યવસાય: ખેતી(ખેડૂત)

રહેવાસી: વશી ફળીયું, મુ.પો: માણેકપુર, તા: ગણદેવી, જી: નવસારી

કૌટુંબિક વિગત : પત્ની: નલીનીબેન જ્યોતીન્દ્રભાઈ વશી ઉ. વ. ૬૪

પુત્રીઓ: ૧. હેતલ નિપુલ દેસાઈ ઉ. વ. ૩૮

૨. હેમાક્ષી વિરલ નાયક ઉ.વ. ૩૬

૩. પ્રિતલ આનંદ વશી ઉ.વ. ૩૨

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

મંગળવાર તા: ૨૬ ડીસેમ્બરના રોજ જ્યોતીન્દ્રભાઈ ગણદેવીમાં આવેલ અનાવીલ વાડીમાં તેમના મિત્રને ત્યાં લગ્નપ્રસંગમાંથી ઘરે બાઈક પર પરત ફરી રહ્યા હતા ત્યારે રાત્રે ૮:૩૦ કલાકે ખખવાડા પાસે એક અજાણ્યા વાહન ચાલક સાથે અકસ્માત થતાં તેઓ બાઈક ઉપરથી નીચે પડી ગયા હતા અને માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક નવસારીમાં આવેલ પારસી હોસ્પીટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સુરતની એપલ હોસ્પીટલમાં રાત્રે ૧૦:૩૦ કલાકે ન્યુરોસર્જન  ડૉ. કે. સી. જૈન ની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈને ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

સોમવાર, તા: ૧ જાન્યુઆરીના રોજ ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈન અને ન્યુરોફીજીશીયન ડૉ. પરેશ ઝાંઝમેરાએ જ્યોતીન્દ્રભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈને ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જ્યોતીન્દ્રભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી જ્યોતીન્દ્રભાઈના પત્ની નલીનીબેન, પુત્રીઓ હેતલ, હેમાક્ષી, પ્રિતલ, જમાઈઓ નિપુલ, વિરલ, આનંદ, પિત્રાઈ ભાઈ દિપકભાઈ અને અલ્કેશભાઈ, બનેવી હેમંતભાઈ, બહેન મંજુલાબેન અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યું કે આમારા વડીલ ખુબજ સેવાભાવી હતા. અમે વારંવાર વર્તમાનપત્રોમાં ઓર્ગન ડોનેશનના સમાચાર વાંચતા હતા. તેમજ અમારા ફેમીલી ડોક્ટર ગીરીશભાઈ નાયકને જયારે જ્યોતીન્દ્રભાઈના બ્રેનડેડ અંગેની  જાણકારી થઇ ત્યારે તેઓએ પણ અમને જણાવ્યું હતું કે આ એક ઉમદા કાર્ય છે. તો તે અંગે જરૂરથી વિચારજો. આજે જયારે તેઓ બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતાં તેઓના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

3...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Toll Free No. : 1800 233 1944
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની રાજસ્થાનના રહેવાસી શ્રીકિશન મુરલીધરજી શર્મા ઉ.વ. ૫૩માં અને બીજી કિડની વડોદરાના રહેવાસી વિમલાદેવી શ્રી કે. આર મંજુ ઉ. વ. ૬૦માં, જ્યારે લિવર નવસારીના રહેવાસી પ્રશેશ હરેશભાઈ પટેલ ઉ. વ. ૪૨માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જ્યોતીન્દ્રભાઈના પત્ની નલીનીબેન, પુત્રીઓ હેતલ, હેમાક્ષી, પ્રિતલ, જમાઈઓ નિપુલ, વિરલ, આનંદ, પિત્રાઈ ભાઈ દિપકભાઈ અને અલ્કેશભાઈ, બેન મંજુલાબેન, બનેવી હેમંતભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. કે. સી. જૈન, ન્યુરોફીજીશીયન ડો. પરેશ ઝાંઝમેરા, એપલ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, સેક્રેટરી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી, યોગેશ પ્રજાપતિ, ડોનેટ લાઇફમાં ઇન્ટર્નશિપ કરતાં ગાંધીનગરની કર્ણાવતી યુનિવર્સીટીની યુનાઇટેડ વર્લ્ડ સ્કુલ ઓફ લૉ ના વિદ્યાર્થીઓ આયુષી દેસાઈ, ઓમ પટેલ અને આયુષ પટેલનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૩૬ કિડની, ૯૫ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૯૮ ચક્ષુઓનો દાન મેળવીને ૫૪૮ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.